### ભાજપ કાઉન્સિલર શૈલેષભાઇ રાણાએ નામ આપતાં ખેડા પાલિકા ચીફ ઓફિસરે કાર્યવાહી કરી

# ખેડાના વાત્રક કાંઠાની સંરક્ષણ દીવાલ તોડવા મામલે પાલિકાએ પોલીસમાં ફરિયાદ આપી

**ખેડા પોલીસે** જાણવા જોગ નોંધ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો



(પ્રતિનિધિ) તા.7

ખેડા શહેર ઉપર પૂરના પાણીને અટકાવતી ઐતિહાસિક પૂર સંરક્ષણ દીવાલ તોડી પાડવાના મામલે છેલ્લા કેટલાય દિવસોથી શહેરભરમાં અનેકવિધ ચર્ચાઓ જોર પકડ્યું હતું. સાથોસાથ વોર્ડ પાંચના રહીશોમાં સંરક્ષણ દીવાલ તોડી પાડવા સંદર્ભે ભારે આક્રોશ ભભૂક્યો હતો. આ મામલે તાત્કાલિક ધોરણે કસુરવાર સામે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી. પરંતુ નગરપાલિકા દ્વારા ઢીલી નીતિ રખાતાં ભાજપના કાઉન્સિલર શૈલેષભાઈ રાણા દ્વારા નામજોગ પાલિકામાં રજુઆત કરી હતી. આ રજુઆત આધારે પાલિકાએ પોલીસ તપાસ માંગતી અરજી આપી હતી. જેના આધારે પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ખેડામાં સંરક્ષણ દીવાલ બિનઅધિકૃત રીતે તોડી પાડવામાં આવી હતી. આ મામલે વોર્ડ નંબર 5ના ભાજપના કાઉન્સિલર શૈલેષભાઈ રાણા દ્વારા વોર્ડ નંબર 5 ના મહિલા કાઉન્સિલર પતિ નિલેશભાઈ રબારી, અને કાઉન્સિલર આમિર વ્હોરા પર દિવાલ તોડવા અંગે આક્ષેપ કરાયો છે. આ અંગે શૈલેષભાઈ રાણાએ બન્ને સામે ફરિયાદ દાખલ કરવા નગરપાલિકાને લેખિત રજુઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દીવાલ તોડી પાડવા સંદર્ભે નગરપાલિકા કચેરીમાં જાણ કરવામાં આવી હતી. આ સમયે પાલિકા ચીફ ઓફિસરે ભાજપ કાઉન્સિલર શૈલેષભાઈ રાણાને જણાવ્યું હતું કે તમારી પાસે પુરાવા અને નામ હોય તો નામ જોગ અરજી કરો તો તેમની સામે અમો કાયદેસરની કાર્યવાહી કરીશું. બાદ શૈલેષભાઈ રાણાએ બીજી જાન્યુઆરીના રોજ નામજોગ પાલિકામા અરજી કરી હતી . 4 દિવસ બાદ પાલિકાએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આધારે જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેના આધારે તપાસ શરૂ કરી છે.

#### કાર્યવાહી માટે આંદોલનની ચિમકી

સંરક્ષણ દીવાલ તોડવાનું કામ કરનાર વિરૂધ્ધ ખેડા મામલતદાર અને નગરપાલિકા સહીત પોલીસ માં સ્થાનિક રહીશોએ અગાઉ આવેદનપત્ર આપ્યું હતુ અને ઘટનાને 10 દિવસ વીતી ગયા હોવા છત્તા હજુ સુધી કોઈજ કાર્યવાહી ન થતાં સ્થાનિક લોકો રોષે ભરાયા છે. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી માટે અને દિવાલ પુન: બનાવવામા માટે સ્થાનિક લોકોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# વિદ્યાનગરમાં 48 દબાણકારને ₹2.40 લાખનો દંડ ફટકારાયો

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકાએ દબાણકારો સામે લાલ આંખ કરી



(પ્રતિનિધિ) આણંદ તા.7

કરમસદ - આણંદ મનપાના કમિશનરના માર્ગદર્શન હેઠળ એસ્ટેટ વિભાગની ટીમે જાહેર માર્ગો પર ટ્રાફિકને અડચણરૂપ બનતા દબાણકારો સામે કડક ઝુંબેશ હાથ ધરી છે. આ કાર્યવાહી અંતર્ગત વિદ્યાનગર વિસ્તારમાં રસ્તા પર અડચણ ઊભી કરતા 48 એકમો પાસેથી લાખોનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી દબાણકારોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા વિદ્યાનગર વિસ્તારમાં સપાટો બોલાવી જાહેર રસ્તાઓ પર દબાણ કરતા 48 એકમો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં વહીવટી ચાર્જ પેટે કુલ રૂપિયા 2.40 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ ખાસ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય જાહેર રસ્તાઓ પર ટ્રાફિકને અડચણરૂપ થતા લારી-ગલ્લાવાળાઓને હટાવી રસ્તાઓ ખુલ્લા કરવાનો છે.

આ અંગે મનપાના એસ્ટેટ ઈન્સ્પેક્ટરે સ્પષ્ટ જણાવ્યું છે કે, જો હવે પછી મનપા વિસ્તારમાં લોકોને અડચણરૂપ થાય તે રીતે અથવા ટ્રાફિકની સમસ્યા સર્જાય તેમ લારી-ગલ્લા ઊભા રાખવામાં આવશે, તો કાયદાની જોગવાઈ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. તંત્ર દ્વારા તમામ લારી-ગલ્લા ધારકોને જાહેર માર્ગો પર દબાણ ન કરવા અને વ્યવસ્થા જાળવવા તાકીદ કરવામાં આવી છે.

### ‘તારા જેવી ત્રણ લાવીશ’ કહી પતિએ પત્નીને પટ્ટા વડે મારમારી કાઢી મૂકી

# પતિના પગ દબાવવાની ના પાડતા પત્નીને ત્રાસ આપ્યો

**સાસરિયાઓના** ત્રાસથી કંટાળી પરણિતાએ મહિસાગર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.7

લુણાવાડામાં પિયર આવેલી પરિણીતાએ તેના સાસરિયા સામે ત્રાસ આપ્યાની ફરિયાદ આપી હતી.

લુણાવાડા પિયર આવેલી પરિણીતાને શહેરા કુંભારવાડા વિસ્તારમાં રહેતા સાસરિયાએ ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકી હતી. આ સાસરિયાઓ ઘરકામ અને જમવાની બાબતે પરણિતા પર જુલ્મ ગુજારતા હતા.તો જમવાની સામાન્ય તકરારમાં જ પરણિતાને તેના પતિએ પટ્ટા વડે બેરહેમ માર મારી ઘરની બહાર કાઢી મુકી હતી.જેને લઈને પરણિતા લુણાવાડા ઘાંચીવાડમાં પિયરે રહેવા મજબૂર બની હતી. ત્યારે પરિણીતાએ તેના પતિ, સાસુ અને બે નણંદો વિરુદ્ધ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લુણાવાડા પિયર આવેલા શિરીનબેનના લગ્નના નવ માસ બાદ જ સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. તેઓ ઘરકામ જેવી નાની બાબતોમાં ઝઘડો કરતાં હતાં. તેમાંય પતિ ઝઘડો કરતો અને સાસુ પક્ષ લેવાને બદલે મ્હેણાં મારતા હતા. આ ઉપરાંત બહારગામ રહેતી નણંદો પણ ચઢામણી કરી શિરીનને કાઢી મૂકવા દબાણ કરતી હતી. દરમિયાનમાં 24મી નવેમ્બર,2025ના રોજ જમવાની બાબતે ઝઘડો થયા બાદ પતિ ઉસ્માન ફારુક પોચાએ ઘરે જમવાને બદલે મિત્રને ત્યાં ભોજન લીધું હતું. ઉસ્માન ઘરે પરત ફર્યા બાદ શિરીનને પગ દબાવવાનું કહેતા, શિરીને ના પાડી હતી. આ સાંભળી ઉશ્કેરાયેલા પતિએ તેને પટ્ટા અને ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો અને ધમકાવીને ઘરની બહાર કાઢી મૂકી હતી. પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાકોરમાં કતલખાને લઈ જવાતા પશુઓને બચાવ્યાં

**પોલીસે ફિલ્મી ઢબે** પીછો કરી 3.35 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) બાકોર તા.7

મહીસાગર જિલ્લાની બાકોર પોલીસે લુણાવાડા-મોડાસા હાઈવે પર વાહન ચેકિંગ દરમિયાન કતલખાને લઈ જવાતા ત્રણ પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મુક્ત કરાવ્યા છે. જોકે, પોલીસને જોઈ ડાલાનો ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો હતો, જેની સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બાકોર પોલીસની ટીમ બાબલીયા ચોકડી ખાતે વાહન ચેકિંગ કરી રહી હતી, તે દરમિયાન લુણાવાડાથી મોડાસા તરફ જઈ રહેલા એક શંકાસ્પદ પીકઅપ ડાલા (નં. જીજે 17 એક્સએક્સ 8587) ને ઉભું રાખવા ઈશારો કરવામાં આવ્યો હતો. જોકે, ચાલકે પોલીસના ઈશારાની અવગણના કરી ડાલું હંકારી મૂકતા પોલીસે તેનો પીછો કર્યો હતો. પોલીસને પાછળ આવતી જોઈ ચાલક રસ્તાની સાઈડમાં વાહન મૂકી અંધારામાં નાસી છૂટ્યો હતો.

પોલીસે ડાલાની તપાસ કરતા તેમાં ઘાસચારા કે પાણીની કોઈ પણ વ્યવસ્થા વગર અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલા ત્રણ પશુઓ મળી આવ્યા હતા. પોલીસે 30 હજાર રૂપિયાની કિંમતના ત્રણ પશુઓ અને વાહન મળી કુલ રૂ. 3.35 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે બાકોર પોલીસે ડાલાના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# રધવાણજમાં વાહનની ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

**નેશનલ હાઈવે** પર સર્જાયેલા અકસ્માતમાં એક ઘાયલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.7

માતર પોલીસ મથકની હદમાં નેશનલ હાઈવે નંબર 48 પર રધવાણજ ઓવરબ્રિજ પાસે ગત રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા બાઈક પર સવાર 20 વર્ષીય યુવકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવકને ઈજા પહોંચી હતી.

વડોદરા જિલ્લાના અનગઢ ગામના વતની રમેશભાઈ અને તેમનો મિત્ર સાગરભાઈ રમણભાઈ ગોહીલ પોતાની મોટરસાયકલ નંબર જીજે 06 એસએલ 2303 લઈને ગાંધીપુરાથી અનગઢ જઈ રહ્યા હતા. રાત્રિના આશરે 9:00 વાગ્યાના સુમારે તેઓ જ્યારે રધવાણજ ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે વડોદરા તરફ જતા રોડ પર કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવકો રોડ પર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં રમેશભાઈને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. જ્યારે સાગરભાઈને ગંભીર હાલતમાં 108 મારફતે ખેડા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. માતર પોલીસે આ અંગે મૃતકના ભાઈ પ્રવિણભાઈ અંબાલાલ ગોહીલની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

#### પેટલાદમાં બાઇક ચાલકે મહિલાનો જીવ લીધો

પેટલાદ-ખંભાત રોડ પર આવેલા તન્મય પાર્ટી પ્લોટ પાસે 31મી ડિસેમ્બરના રોજ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. દાવલપુરાથી પેટલાદ તરફ અત્યંત ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતા બાઇક ચાલકે રસ્તો ઓળંગી રહેલા પુષ્પાબેન પ્રવિણભાઇ પટેલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મહિલાને ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહીસાગરની વાયબ્રન્ટ વેલ્સ અકાદમી ખાતે NEP-2020 પર શૈક્ષણિક સંવાદ યોજાયો



**લુણાવાડા** | વાયબ્રન્ટ વેલ્સ ઇન્ટરનેશનલ અકાદમી દ્વારા CBSE સેન્ટર ઓફ એક્સલન્સ, અજમેરના સહયોગમાં NEP-2020 પર ઐતિહાસિક શૈક્ષણિક સંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાની 40થી વધુ શાળાઓના શિક્ષકો અને અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષણશાસ્ત્રી શ્રુતિ નાયર અને જ્યોતિકુમારી ચૌહાણે વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસ માટે અનુભવ આધારિત શિક્ષણ પદ્ધતિઓ અપનાવવા પર ભાર મૂક્યો હતો. CBSE સિટી કોઓર્ડિનેટર ડો. યુગલ કિશોર શર્માએ નવી શિક્ષણ નીતિને આવનારી પેઢીને પ્રાયોગિક રીતે સજ્જ કરવા માટેનું ‘બ્રહ્માસ્ત્ર’ ગણાવ્યું હતું. આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી સાથે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરી મહીસાગર જિલ્લામાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનો રહ્યો હતો.

### લુણાવાડાના શિક્ષકોમાં એકતા અને ખેલદિલીના દર્શન કરાવતી ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ



**લુણાવાડા** | તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોમાં રમતગમત પ્રત્યે રુચિ વધે અને પરસ્પર એકતાની ભાવના મજબૂત થાય તે હેતુથી ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. શૈક્ષણિક કાર્યની વ્યસ્તતા વચ્ચે શિક્ષકો તણાવમુક્ત બને અને શારીરિક રીતે સક્રિય રહે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેદાન પર ઉતરેલા શિક્ષકોએ કલમ છોડી બેટ-બોલ સાથે અનોખો ઉત્સાહ અને રમતગમતની સાચી ભાવના પ્રદર્શિત કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### લુણાવાડામાં શિક્ષકોની ક્રિકેટ ટુર્નામેન્ટમાં વરધરી બી ટીમ વિજેતા બની



**લુણાવાડા** | લુણાવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં માજી ધારાસભ્ય હીરાભાઈ પટેલની હાજરીમાં વરધરી બી ટીમે લુણાવાડા ટીમને હરાવી વિજેતા પદ મેળવ્યું હતું. શિક્ષકોની તંદુરસ્તી અને આંતરિક શક્તિ ખીલવવાના હેતુથી પ્રમુખ બીરેનભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 57 વર્ષીય જિલ્લા પ્રમુખ શશિકાન્તભાઈ પટેલે પોતે મેદાનમાં ઉતરીને રમત રમી અન્ય શિક્ષકોનો ઉત્સાહ બમણો કર્યો હતો. આ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ સમગ્ર શિક્ષક આલમ અને મહેમાનો દ્વારા આયોજક ટીમને બિરદાવીને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### સંતરામપુરના શિક્ષણવિદ જયપ્રકાશભાઈ પટેલનો ભવ્ય વિદાય સમારોહ યોજાયો




**સંતરામપુર** | મહીસાગરના જાનવડમાં ઉન્નતિ માધ્યમિક શાળાના આચાર્ય અને પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ જયપ્રકાશભાઈ પટેલના વય નિવૃત્તિ પ્રસંગે એક ગરિમાપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકીય અને શૈક્ષણિક જગતના અનેક અગ્રણીઓએ ઉપસ્થિત રહી જયપ્રકાશભાઈની નિષ્ઠાપૂર્વકની સેવાઓ, કાર્યશૈલી અને માર્ગદર્શનના મુક્તકંઠે વખાણ કર્યા હતાં. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ તેમને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી, તેમના આગામી નિવૃત્ત જીવન માટે સ્વસ્થ અને સુખી જીવનની મંગલકામનાઓ પાઠવી હતી. અંતમાં જયપ્રકાશભાઈ પટેલે પોતાની આ લાંબી સફરમાં સાથ આપનાર તમામ સહકર્મચારીઓ, પક્ષના કાર્યકરો અને સ્નેહીજનોનો ભાવભીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વીરપુરના આર્યન શેખની હોંગકોંગ સામેની અંડર-16 ક્રિકેટ શ્રેણીમાં પસંદગી થઇ



**વીરપુર** | લુણાવાડા અને જેતપુરની ક્રિકેટ એકેડમીના સંયુક્ત ઉપક્રમે હોંગકોંગ સામે રમાનારી 6 મેચોની અંડર-16 શ્રેણી માટે જાહેર કરાયેલી 17 સભ્યોની ટીમમાં વીરપુરના આર્યન શેખનો સમાવેશ થયો છે. સ્થાનિક શિક્ષક મોહમદસફી શેખનો પુત્ર આર્યન મધ્યમ ગતિના બોલર તરીકે હોંગકોંગ અને બેંગકોકના આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ પર પોતાની પ્રતિભા બતાવશે. આ સિદ્ધિથી મહીસાગર જિલ્લા સહિત ગુજરાતનું નામ રોશન થયું છે, જેના કારણે આર્યન પર રમતગમત પ્રેમીઓ દ્વારા શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

### લુણાવાડાની ડો.પોલન પીએમશ્રી સ્કૂલ ખાતે ‘રાષ્ટ્રીય ગણિત દિવસ’ની શાનદાર ઉજવણી



**લુણાવાડા** | લુણાવાડાની ડો. પોલન પીએમશ્રી સ્કૂલ ખાતે મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ નિમિત્તે ‘રાષ્ટ્રીય ગણિત દિવસ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાર્થના સંમેલનમાં વિદ્યાર્થીઓએ નાટકીય રજૂઆત દ્વારા રામાનુજનના જીવનના સંઘર્ષ અને તેમની અદ્ભુત ગણિતીય સિદ્ધિઓનો પરિચય કરાવ્યો હતો. શાળામાં યોજાયેલા ગણિત પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પાયથાગોરસ પ્રમેય અને ભૌમિતિક આકારો પર આધારિત વિવિધ વર્કિંગ અને સ્ટેટિક મોડલ્સ ઉત્સાહપૂર્વક રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં આચાર્ય અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ મુલાકાત લઈ પ્રદર્શન નિહાળ્યું હતું.

### આણંદ કૃષિ યુનિ.માં નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પમાં 108 બાળકે લાભ લીધો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે 0થી 15 વર્ષના બાળકો માટે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી.એચ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને ફાર્મ મજૂરોના કુલ 108 બાળકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. આ પ્રસંગે હેલ્થ સેન્ટર અને એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના નિષ્ણાત સ્ટાફ દ્વારા બાળકોના સ્વાસ્થ્ય સંવર્ધન માટે તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

### માતર પોલીસ દ્વારા અઢી સોથી વધુ ટુ-વ્હીલરમાં વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ લગાવ્યાં



**માતર** | ઉતરાયણના તહેવારમાં ટુ-વ્હીલર ચાલકો દોરીથી સુરક્ષિત રહે તે માટે માતર ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર આર.એન. ખાટ દ્વારા ખેડા-માતર રોડ પર ખોડિયાર ચોકડી પાસે સુરક્ષા અભિયાન હાથ ધરાયું હતું. આ આયોજન હેઠળ પોલીસ દ્વારા ૨૫૦થી વધુ વાહનો પર વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ લગાવી આપી અકસ્માત નિવારવા માટેની પ્રશંસનીય તત્પરતા દાખવવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન પોલીસ દ્વારા વાહનચાલકોને વાહન ચલાવતી વખતે કોઈ દુર્ઘટના ન બને તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. તહેવારના દિવસો નજીક આવી રહ્યા છે. વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી કરવામાં આવેલી આ કામગીરીની સ્થાનિકોમાં પ્રશંસા થઈ રહી છે.

### હરિયાળા ગુરુકુળ ખાતે આચાર્યો માટે ‘એઆઈ અને લીડરશીપ’ પર તાલીમ શિબિર યોજાઈ



**ખેડા** | હરિયાળા સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર ખાતે DIET કઠલાલ અને જિલ્લા શિક્ષણાધિકારી નડિયાદ દ્વારા ખેડા, માતર અને વસો તાલુકાના આચાર્યો માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય વિવેકસ્વરૂપદાસજી સ્વામી દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટિત આ શિબિરમાં તજજ્ઞો દ્વારા શિક્ષણમાં એઆઈ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન અપાયું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણ કાર્યને વધુ રસપ્રદ બનાવવાનો અને આચાર્યશ્રીઓની નેતૃત્વ શક્તિને વધુ મજબૂત તથા ટેકનોલોજી સભર કરવાનો હતો. સરકારની પહેલથી શિક્ષણ પદ્ધતિ આધુનિક બનશે અને વિદ્યાર્થીઓમાં ભણવા પ્રત્યે નવો ઉત્સાહ જાગશે.

### વડોદરામાં 9થી 11 જાન્યુ. સુધી ‘નાઈટઆઉટ’નું આયોજન, અનોખો અનુભવ મળશે

**વડોદરા** | વડોદરાના પ્રખ્યાત ઈનોર્બિટ મોલ દ્વારા 9થી 11 જાન્યુઆરી દરમિયાન સાંજ પછીના શોપિંગ અનુભવને પ્રોત્સાહન આપવા ‘નાઇટઆઉટ’ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ આયોજન અંતર્ગત મોલ દરરોજ રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લો રહેશે, જે શહેરીજનોને આફ્ટર-અવર્સ રિટેલનો અનોખો અનુભવ આપશે. જેમાં મુલાકાતીઓ માટે જાણીતી ફેશન અને લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સ જેવી કે શોપર્સ સ્ટોપ, મેક્સ અને પેન્ટાલૂન્સ પર 50% સુધીનું ફ્લેટ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ રહેશે. ખરીદીની સાથે દરરોજ સાંજે 7થી 10 વાગ્યા દરમિયાન કાઇટ પેઇન્ટિંગ અને ઇન્ટરેક્ટિવ ગેમિંગ જેવી વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ પણ યોજાશે. આ કાર્યક્રમના છેલ્લા દિવસે એટલે કે 11 જાન્યુઆરીએ લાઇવ સિતાર ગ્રુપ પરફોર્મન્સ દ્વારા ઇવેન્ટનું શાનદાર સમાપન કરવામાં આવશે. આ ઇવેન્ટમાં શોપિંગ, ગેમ્સ અને સંગીતનો એકસાથે સંગમ માણવા મળશે.

### કપડવંજના સોરણામાં લાયન્સ ક્લબ દ્વારા નિ:શુલ્ક નેત્ર - સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાના સોરણા ગામે સોરણા દૂધ મંડળી અને બાલાસિનોર લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન, ચશ્મા વિતરણ અને ડાયાબિટીસ તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અંધજન મંડળ નડિયાદના સહયોગથી 361 ગ્રામજનોની આંખોનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાંથી 300 જરૂરિયાતમંદોને માત્ર રૂ. 10ના ટોકન દરે ચશ્માનું વિતરણ કરાયું હતું. હોમિયોપેથીક મેડીકલ ઓફિસર ડો. ગાયત્રી પંચાલની ટીમે 61 સામાન્ય દર્દીઓ અને 22 ડાયાબિટીસના દર્દીઓની તપાસ કરી તેમને વિનામૂલ્યે દવાઓ આપી હતી. લાયન્સ ક્લબના હોદ્દેદારો, મંડળીના ચેરમેન રાજેશભાઈ દેસાઈ અને ગ્રામજનોના સક્રિય સહયોગથી આ સેવાકીય કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.